<u>પરિપત્ર</u>

**ક્રમાંકઃ– હિસાબી–૨/અનદ/સી.એ.રીપોર્ટ/૨૦૨૦–૨૧/૨૦૨૧/**25008-29069

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ–૦૯/૦૭/૨૦૨૧

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**અનુદાનિત** બીન સરકારી માધ્ય./ ઉચ્ચ.માધ્ય.શાળાઓ તમામ (ગ્રાન્ટેડ)
બનાસકાંઠા જીલ્લો.

વિષયઃ– સને ૨૦૨૦ –૨૧ નું શાળાનું ઓડીટ કરાવી સી.એ.રીપોર્ટ આ કચેરીએ મોકલી આપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સને ૨૦૨૦ –૨૧ ના વર્ષનું નાણાંકીય વર્ષ પૂર્ણ થયેલ છે. ગ્રાન્ટ–ઈન–એઈડ કોડ–૧૯૬૪ ના કોડ નં. ૯૦–૨ માં જણાવ્યા મુજબ " જે શાળાઓ આગલા વર્ષના ઓડીટેડ સ્ટેટમેન્ટ પછીના વર્ષના જુન માસ સુધીમાં રજૂ ન કરે તેવી શાળાઓને નિભાવગ્રાન્ટનો બીજો, ત્રીજો હપ્તો ચુકવવો નહીં તેવી સુચના છે.

**(૧) જે શાળાઓએ વર્ષ ૨૦૧૯–૨૦ ના ઓડીટેડ સ્ટેટમેન્ટ રજુ ન કર્યા હોય તેને તેઓ જયાં સુધી ઓડીટેડ સ્ટેટમેન્ટ રજુ ન કરે ત્યાં સુધી ગ્રાન્ટ ન આપવી તથા જરુર જણાયે શાળાના આચાર્યશ્રીનો પગાર અટકાવવો.**

**(૨) જે શાળાઓએ વર્ષ ૨૦૨૦–૨૧ ના ઓડીટેડ સ્ટેટમેન્ટ ૩૦ જુન સુધી રજુ ન કર્યા હોય તેઓને વર્ષ ૨૦૨૧–૨૨ નો નિભાવ અનુદાનનો માત્ર પહેલો હપ્તો ચુકવવો અને જરુર જણાય તો શાળાના આચાર્યશ્રીનો પગાર અટકાવવો.**

આમ ઉપરોકત વિગત ધ્યાને લઈ શાળાનું ઓડીટ કરાવી સી.એ.ઓડીટની નકલ આ કચેરીએ મોકલી આપવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે. તેમ છતાં મોટા ભાગની શાળાઓને વારંવાર સૂચનાઓ આપવા છતાં સી.એ.રીપોર્ટ આ કચેરીએ મોકલી આપવામાં વિલંબ કરે છે.

જે શાળાઓના સને ૨૦૨૦–૨૧ ના વર્ષના સી.એ.ઓડીટ થઈ ગયેલ હોય તો તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી. જે શાળાઓના સી.એ.ઓડીટ થયેલ ન હોય તેવી શાળાઓએ તાત્કાલિક અસરથી તા. ૨૦ મી જુલાઈ–૨૦૨૧ **સુધીમાં સી.એ.ઓડીટ કરાવી** તેની એક નકલ આ કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ બાબતની જાણ તમારા સંચાલક મંડળને અવશ્ય કરવાનું રાખશો.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner